મનપાની સ્થાયી સમિતિમાં મિલ્કત વેરાની આકારણીના મામલે ચર્ચા કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની પમીએ મળનારી બેઠકમાં આકારણીને લઈ ઉઠેલા વિરોધને ખાળવા માટે રચાયેલી કાઉન્સીલરોની સમિતિનો અહેવાલ રજુ થાય તેવી શક્યતાઓ છે.

પમીઓ ઓક્ટોબરના રોજ સ્થાયી સમિતિની બેઠક ચેરમેન શ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને કોર્પોરેશન ખાતે મળશે. આ બેઠકમાં પ્રિન્ટીંગ અને સ્ટેશનરીના રેઈટ કોન્ટ્રેક્ટ અંગેનો નિર્ણય લેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે મિલ્કતવેરાની ચાલી રહેલી વસુલી સાથે ઉઠેલા વિરોધી સૂરને લઈ કોર્પોરેટરોની એક સમિતિ સિનીયર કાઉન્સીલર શ્રી નામદેવ વરસાદના અધ્યક્ષપદે રચાઈ હતી. આ સમિતિની બેઠક મળ્યા બાદ સમિતિએ તેનો અભ્યાસ કરી પોતાનો અહેવાલ તૈયાર કરી દીધો છે અને આ પ્રાથમિક અહેવાલ સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં રજુ થાય તેવી શક્યતાઓ છે.

દરમ્યાન પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરી વિસ્તારોની સફાઈ માટે રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રૂ. ૩૦૦ કરોડની યોજનાની કરેલી જાહેરાતને પગલે કોર્પોરેશનને કેટલી ગ્રાન્ટ મળશે તે મુદ્દે પણ ચર્ચા-વિચારણા થાય તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં શહેરની સ્વચ્છતાનો મુદ્દો પણ છવાયેલો રહેશે તે બાબત નિર્વિવાદ છે. આ બેઠકમાં મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન અંગેના પ્રોજેક્ટ અંગે આગળની કાર્યવાહી સંદર્ભે દરખાસ્ત રજુ કરવામાં આવે તેવી શક્યતાઓ છે. ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન અંગે કોર્પોરેશને રજુ કરેલા પ્રોજેક્ટને લઈ સરકારે ખાસ ગ્રાન્ટ પણ મંજૂર કરેલી છે અને તે સંદર્ભે અત્યાર સુધીમાં થયેલી કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

સ્થાયી સમિતિની બેઠકમાં કોર્પોરેશનમાં અધિકારીઓની અનિયમિત હાજરીનો મુદ્દો પણ ચર્ચામાં આવે તેવી શક્યતાઓ છે. આ બેઠક તોફાની બેઠક બની રહે તેવી સંભાવનાઓ છે. જો કે આ બેઠકમાં વહીવટીય કામગીરી સિવાય અન્ય કોઈ કામગીરી હાથ પર લેવામાં આવશે કે કેમ ? તેને લઈ પણ પ્રશ્નાર્થો ચર્ચાઈ રહ્યા છે.

બી.એસ.એફ. દ્વારા જમ્મુના વિદ્યાર્થીઓને ભારત દર્શન કરાવવાના અભિયાન અન્વયે આજે ગાંધીનગરમાં અક્ષરધામની મુલાકાતે લઈ જવાયા હતા. પાટનગરની સફર બાદ વિદ્યાર્થીઓને પ્લેન મારફતે દિલ્હી લઈ જવાયા હતા.

ભાદરવાની ગરમીમાં નગર શેકાઈ રહ્યું છે

છેલ્લા બે દિવસથી સતત વધી રહેલા તાપમાનના પારાએ ઉનાળાની યાદ અપાવી

ગાંધીનગર, તા. ૩

છેલ્લા બે દિવસથી ચાલી રહેલો ગરમીનો પ્રકોપ આજે પણ યથાવત રહ્યો હતો. ગાંધીનગરમાં ખૂબ આકરો તડકો પડતા વસાહતીઓ હેરાન થઈ ગયા હતા. મહત્તમ તાપમાન આજે ૩૬.૪ ડીગ્રી સુધી પહોંચી ગયું હતું.

ચોમાસાના છેલ્લા દિવસોમાં સારો એવો વરસાદ પડી જતાં વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. મહત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રીએ પહોંચી જતાં વાતાવરણ ખુશનુમા લાગતું હતું. પરંતુ છેલ્લા બે દિવસથી ખુબ આકરો તડકો પડી રહ્યો છે જેના કારણે તાપમાન ઉંચુ જઈ રહ્યું છે. ગઈકાલે અને આજે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રીથી વધુ નોંધાતા પાટનગરવાસીઓને આકરા ઉનાળાની યાદ આવી ગઈ હતી. ઉનાળાના દિવસોમાં જેવો આકરો તડકો પડતો હતો તેવો જ તડકો હાલમાં પડી રહ્યો છે. બપોરે ઘરની બહાર નીકળો તો માથું તપી જાય છે. પંખાની નીચે પણ પરસેવાના રેલા ઉતરે છે. આકરી ગરમી પડતા વસાહતીઓએ બપોરે ઘરની બહાર નીકળવાનું ટાળ્યું છે. બજારોમાં સાંજે જ ભીડ જોવા મળે છે. તડકો સારો એવો નીકળતા ગૃહિણીઓએ ગાદલા ગોદડાં તડકે મુકયા છે. વળી દિવાળી નજીક હોઈ ગૃહિણીઓએ ઘરની સાફ સફાઈ કરવાની શરૂઆત કરી અનાજ મસાલાં પણ તડકે મુકયા છે. ભાદરવાના છેલ્લા દિવસો હોઈ હજુ દસેક દિવસ આવી જ આકરી ગરમી પડશે.

ગાંધીનગરમાં 'ની-રિપ્લેસમેન્ટ' સર્જરીની અદ્યતન સારવારની શરૂઆત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેકટરમાં આવેલા હાઈ-ટેક હોસ્પિટલ કે જે છેલ્લા પાંચ વર્ષથી ગાંધીનગર તેમજ સમગ્ર ઉત્તર ગુજરાત સહિત પ્રજાને ઓર્થોપેડીક તેમજ સાંધાને લગતી તકલીફોનું ઉપચાર તેમજ નિવારણ કરે છે. તા. ૨-૧૦-૨૦૧૨ના રોજ હાઈટેક હોસ્પિટલની આ ઉત્તમ સેવામાં એક વધુ નવા અધ્યાયનો ઉમેરો થયેલ જેનો લાભ ગાંધીનગર તેમજ સમગ્ર ઉત્તર ગુજરાતની જનતાને મળશે.

હાલમાં પાશ્ચાત્ય સંસ્કૃતિનો અમલ કરવાના કારણે પ્રજામાં ઘૂંટણના દુઃખાવાની તકલીફોમાં અત્યંત નોંધપાત્ર વધારો જોવા મળેલ છે. ઘૂંટણનો દુઃખાવો એ પગનો સૌથી સામાન્ય રોગ છે અને ભારતમાં ૪૫-૬૫ વર્ષની ઉંમરના સ્ત્રી પુરૂષોમાં આ દુઃખાવાના લક્ષણો જોવા મળે છે, જેમાં મહિલાઓની સંખ્યા નોંધપાત્રરૂપે વધારે હોય છે.

● અનુસંધાન પાન-૫ પર

શહેરની મુખ્ય ગટરલાઈનોનું મરામત કામ હાથ ધરાશે

ગટર-લાઈનની મરામત જાળવણી પાછળ સવા કરોડનો ખર્ચ

ગાંધીનગર, તા.૩

શહેરની મુખ્ય ગટરલાઈનની મરામત અને જાળવણીને અનુલક્ષી તંત્ર દ્વારા રૂ. સવા કરોડના ખર્ચેતબક્કાવાર કામ હાથ ધરવામાં આવશે.

શહેરમાં મોટા ભાગના સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હજી બાકી છે જેના પરીણામે ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલની સમસ્યા પેચીદી બને છે. જો કે સ્ટોર્મ વોટર લાઈનનું આયોજન હજુ આખરી થયું નથી. બીજી તરફ વર્ષો જૂની ગટરલાઈનનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે. ગટરલાઈનમાં ઉભી થયેલી ક્ષતિઓના લીધે આમ નાગરિકોને વારંવાર હાલાકી વેઠવી પડતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. ગટરલાઈનની વ્યાપક ફરિયાદો નિવારવા તંત્ર દ્વારા નવું જેટીંગ મશીન ખરીદવા પણ ઓર્ડર આપી દેવાયો છે જયારે વિવિધ સેકટરની ગટર લાઈનની મરામત અને જાળવણીને અનુલક્ષી તંત્ર દ્વારા ટૂંકમાં કામગીરી હાથ ધરવામાં આવનાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સમગ્ર શહેરમાં ગટર લાઈનની મરામત માટે રૂ. ૧.૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જેમાં સે-૧ થી ૩૦ સેકટરોની મુખ્ય ગટરલાઈનની જરૂરી સમારકામ, સફાઈ અને જાળવણીનું કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ફતેપુરા, જીઈબી, આદીવાડા, સરકીટ હાઉસ, મીનીસ્ટર બંગલો તેમજ રાજભવનના સ્ટાફ કવાર્ટસને જોડતી લાઈનનું પણ મરામત કામ હાથ ધરાશે. વિવિધ ૬ તબક્કામાં હાથ ધરાનારી આ કામગીરીના અંતે ગટરલાઈનની યોગ્ય મરામત કરી ક્ષતિઓ નિવારાશે.

વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ

ચૂંટણીની વિગત	પહેલો તબક્કો	બીજો તબક્કો
નોટીફિકેશનની તારીખ	૧૭-૧૧-૨૦૧૨	૨૩-૧૧-૨૦૧૨
ઉમેદવારી ભરવાની આખરી તારીખ	૨૪-૧૧-૨૦૧૨	૩૦-૧૧-૨૦૧૨
ઉમેદવારી પત્રોની ચકાસણી	૨૬-૧૧-૨૦૧૨	૦૧-૧૨-૨૦૧૨
ઉમેદવારી પત્રો પાછાખેંચવાની તારીખ	૨૮-૧૧-૨૦૧૨	૦૩-૧૨-૨૦૧૨
મતદાનની તારીખ	૧૩-૧૨-૨૦૧૨	૧૭-૧૨-૨૦૧૨
મત ગણતરીની તારીખ	૨૦-૧૨-૨૦૧૨	૨૦-૧૨-૨૦૧૨
ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ	૨૪-૧૨-૨૦૧૨	૨૪-૧૨-૨૦૧૨

ગાંધીનગરના યુવા ક્રિકેટર ઈશ્વર ચૌધરીની દુલીપ કપ માટે વેસ્ટઝોન ટીમમાં પસંદગી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરનો યુવા ક્રિકેટર ઈશ્વર ચૌધરી દુલીપ ટ્રોફી માટે વેસ્ટ ઝોનની ટીમમાં પસંદગી પામ્યો છે અને નોર્થઝોન સામે રમવા તે આજે સવારે ચેન્નાઈ જવા રવાના થયેલ છે.

શ્રી ઈશ્વર ચૌધરી ગુજરાતનો ઉભરતો ફાસ્ટ બોલર છે અને તે છેલ્લા બે વર્ષથી સતત સારૂ પ્રદર્શન કરી રહ્યો હોવાથી સિલેકટરો માટે તે આગામી દિવસોમાં આકર્ષણ બનશે તેમ ક્રિકેટ રસિકોનું માનવું છે.

દુલીપ ટ્રોફી માટે વેસ્ટઝોનનું નેતૃત્વ ચેતેશ્વર પુજારાને સોંપવામાં આવ્યું છે. ગાંધીનગરના ઈશ્વર ચૌધરી ઉપરાંત અન્ડર-૧૯માં નોંધપાત્ર દેખાવ કરનાર સ્મિત પટેલ પણ આ ટીમમાં હોવાથી ગાંધીનગર માટે આ ગૌરવરૂપ ઘટના છે. નોર્થઝોનની ટીમમાંથી વિરેન્દ્ર સહેવાગ, વિરાટ કોહલી, યુવરાજસિંઘ જેવા ધૂરંધરો મેદાનમાં ઉતરનાર છે તેની સામે પુજારાની યંગબ્રિગેડ કેવુ પ્રદર્શન કરે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

દરમ્યાન દુલીપ ટ્રોફી માટે ગાંધીનગરના ઈશ્વર ચૌધરીની પસંદગીને લઈ ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસો.ના પદાધિકારીઓણાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

બત્રીસી - બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **મહેન્દ્રભાઈ સોમચંદ શાહ (અડાલજવાળા)** તા. ૨૯/૯/૨૦૧૨ને શનિવારના રોજ અરિહંત શરણ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૫-૧૦-૨૦૧૨ને શુક્રવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સી/૫, પૃથ્વી કોમ્પલેક્ષ, આઝાદ હલ્વાઈની સામે, સેટલોર્ન હોટલ પાસે, આશ્રમ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ.

રેખાબેન મહેન્દ્રભાઈ શાહ
શિતલ મહેન્દ્રભાઈ શાહ
ફાલ્ગુની વિરલભાઈ શાહ

લિ. સ્વ. રીતેષ મહેન્દ્રભાઈ શાહ
વિરલ (પિન્ટુ) મહેન્દ્રભાઈ શાહ

કુર્મ : વિર પ્લાસ્ટ, ઓઢવ

અમારા બનેવીનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
અશોકભાઈ સમરથમલ શાહ — વિજયભાઈ સમરથમલ શાહ (ડાયરેક્ટર લિયાલી)

'ગ' માર્ગ પર સ્ટોર્મ વોટરની જોખમી ચેમ્બરો સીલ કરાશે

ચેમ્બરો સાઈડ કોર્નર કરી કેમપીટનું બાંધકામ કરાશે : કામગીરી પાછળ ૩૩ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૩

નગરના 'ગ' માર્ગ પર છાશવારે જોખમી બનતા સ્ટોર્મવોટર લાઈનના ગાબડાનું કાયમી નિવારણ લવાશે. માર્ગ વચાળે તૂટેલી સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરોને માર્ગની એકબાજુએ ખસેડી કેમપીટનું બાંધકામ કરી સીલ કરી દેવાશે. આ કામગીરી પાછળ રૂ. ૩૩ લાખનો ખર્ચ થશે.

શહેરના ગ-માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનને અનુલક્ષી ઉભી કરાયેલી ચેમ્બર વારંવાર તુટી જવાના લીધે વાહનચાલકો માટે જોખમી સ્થિતિનું નિર્માણ થતુ હોવાનો રોષ નાગરિકોમાં પ્રબળ બન્યો છે. માર્ગ પર સ્થિત લાઈનની ચેમ્બરો પરથી ભારે વાહનો પસાર થતા સિમેન્ટ કોક્રીટના ઢાંકણો તુટી જવાથી ડગલે ને પગલે મોતના કુવા અસ્તિત્વમાં આવતા હોવાનું ભયજનક ચિત્ર ઉપસી આવે છે. થોડા સમય અગાઉ પણ આ જોખમી સ્થિતિના પગલે વાહનચાલકો અકસ્માતનો ભોગ બન્યા હોવાનું ધ્યાને આવતા તંત્રના અધિકારીઓ દ્વારા આ સ્થિતિનો તાગ મેળવવા અભ્યાસ કરવામાં આવ્યો

● અનુસંધાન પાન-૫ પર

ઝીયારત / બેસણું

મારા ધર્મપત્નીનું શુક્રવાર, તા. 28.09.2012ના રોજ લાંબી માંદગી બાદ અવસાન થયેલ છે (જન્નતનશીન થયેલ છે) તેઓની ઝીયારત / બેસણું ગુરૂવાર, તા.04.10.2012ના રોજ સવારે 8-00 થી 11-00 દરમિયાન નીચેના સરનામે રાખેલ છે

સ્થળ : રંગમંચ હોલ તથા વ્રજ ભવનની સામે, બ્લોક નં.77/3, સેક્ટર-16, ગાંધીનગર

શ્રી એમ.એમ. પટેલ (પટેલ) [મા.ટેક.ઓફી.,ઓઈલ મિલર્સ, નવા સચિવાલય]
શ્રી ચેતુર એમ. પટેલ (ગુપ્તા) [સેલ્સ મેનેજર, [illegible]]

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૬-૧૦-૧૨, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા ક્રશો.

૧. ગવર્નમેન્ટ પ્રેસ ઓવરહેડ લાઈન

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

વર્ષ 2013 માં લેખિત ગેરંટીવાળી કલાર્ક / કોન્સ્ટેબલમાં નોકરી મેળવો
ગેરંટેડ ક્લિયરન્ટ બેચ-2012
(ફક્ત કલાર્ક / કોન્સ્ટેબલ / તલાટી માટે જ)
ધો.12 પાસ કે તેથી વધુ લાયકાત ના ઉમેદવાર મિત્રો જાગો !
ડિસેમ્બર-2013 સુધીમાં 100% લેખિત ગેરંટીવાળી ગુજરાત સરકારમાં કલાર્ક/કોન્સ્ટેબલ/તલાટીની નોકરી મેળવો
8000+ થી વધુ જગ્યાઓ... ફૂલ સમયના પ્રશિક્ષક દ્વારા
31.12.2013 સુધીમાં ગુજરાત સરકારની વર્ગ-3ની ભરતીમાં 100% સફળતાની ગેરંટી નહિતર ચાલુ ફી 100% પરતની લેખિત ગેરંટી !
• અલગ બેચ • પહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ
વર્ગ શરૂ થવાની તા. 29.11.2012
પ્રવેશ ચાલુ માત્ર 2.10.2012 થી 15.10.2012 સુધી
ફક્ત મહેસાણા-ગાંધીનગર શાખા માટે જ
ક્લિયરન્ટ બેચ-2013
ફી માત્ર ₹ 99000/- ₹ 98000/-

વર્ષ 2012-13માં ગુજરાત સરકારમાં નોકરી અંગેની ભરતી!
8000+ થી વધુ ક્લાર્ક / કોન્સ્ટેબલ / તલાટી / PSI / Dy.SO / નાયબ મામલતદાર ની ભરતી ટૂંક સમયમાં !!
1350* જગ્યાઓ! Dy. SP/DC/મામલતદાર/TDO/SO - GPSC [વર્ગ-1/2]

'TCCI' માં જ શિક્ષણ શા માટે?
• કોર્સના વિષયો
• શિક્ષણની પદ્ધતિ
• ટેલેન્ટી સાબિત
• ઓનલી ઉમેદવારો: ક્લાર્ક • કોન્સ્ટેબલ • PSI • Dy.S.O. • GPSC [ગ] • સોલ્જરિયર • ક્લાર્ક • તલાટી • નાયબ મામલતદાર

શું આપ ધો.૧૨ પાસ છો ? તો ઉમેદવાર મિત્રો જાગો ! ભવિષ્યનો સવાલ છે !
માસ્ટર કોર્ષ-2012-13
વર્ષ-2011-12ની ઉપલબ્ધિ (સરકાર પરીક્ષાઓ P / M / T)
GPSC (12) (2006-07) : 100%
નાયબ મામલતદાર / Dy.SO : 97.32%
તલાટી / RFO : 100%
સરકારી / નિમ સરકારી / ખાનગી સંસ્થાઓ : 94.28%
PSI : 82% TET / TAT : 24% કોન્સ્ટેબલ : 90%
વર્ષ 2012માં 287+ ઉમેદવારોને સંપૂર્ણ સહાયતા...
પરિણામની સંભવિત ડેટ્સની તારીખ 2013 — મહિલાઓ માટે ફી માત્ર ₹ 11000/- — પુરૂષો માટે ફી માત્ર ₹ 14000/-
29.11.2012 થી વર્ગ શરૂ થશે
18.10.2012 પહેલાં પ્રવેશ મેળવી 'સીધી ઓફર ફી'નો લાભ મેળવો... મનપસંદ બેચમાં પ્રવેશ મેળવો !!

TCCI EDUCATION PVT. LTD.
સૌથી ઓછી ફી... સર્વશ્રેષ્ઠ શિક્ષણ... ગુણવત્તા સભર સાહિત્ય
19 વર્ષથી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા....
ઈન્ટરવ્યુ લાયક કોર્ષ 28.11.2012થી શરૂ થશે...!!! (પ્રવેશ તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવો)
10.11.2012 થી 28.11.2012 સુધી દિવાળી વેકેશન રહેશે
ગાંધીનગર 9574004321 — મહેસાણા 9574004326
☆ PALANPUR / PATAN / HIMMATNAGAR : 95740 04327, VISNAGAR 95740 04325 ☆ HELPLINE NUMBER : 95740 04327, 90287 14508

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE — VIRAT TMT BARS — UTKARSH
સાચ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :
શ્રી પેશ્વી ટ્રેડર્સ
સેક્ટર-૬, ત્રીજો માળ, અમના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
ફોન: 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT — KISAN — BENELAVE — U.FIXIT — TMT BARS - ISI — TATA — STEEL • PIPES • SHEETS — SANGHI STEEL - ISI — ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com